# કૃષિ સંશોધન કેન્દ્ર, અરણેજ ખાતે ખેડૂત શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

કૃષિ સંશોધન કેન્દ્ર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ગુજરાત રાજય વન વિભાગના સંયુકત ઉપક્રમે “સ્ટ્રેન્થનીંગ ઓફ ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી સેન્ટર” યોજના અંતર્ગત “વન પ્રસારણ અને કૃષિ” વિષય ઉપર એક દિવસીય શિબિર તા.૦૩/૦૮/૧૬ ના રોજ કૃષિ સંશોધન કેન્દ્ર, અરણેજ ખાતે યોજાઇ ગઇ. શિબિરમાં ધોળકા તાલુકાના કરીયાણા, જવારજ તેમજ અરણેજ ગામના આશરે ૬૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો. શિબિરમાં શ્રી પી.એફ. ડાભી નાયબ વનસંરક્ષકશ્રી અને શ્રી હેમંત સુથાર, મદદનિશ વનસંરક્ષકશ્રી, ગાંધીનગર, શ્રી દેશળપગી સભ્ય, ગુજરાત વાઇલ્ડ લાઇફ એડવાઇઝરી બોર્ડ, ડૉ. ડી. બી. સિસોદીયા, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર અને ડૉ. જે. કે. પટેલ, કાર્યક્રમ સંકલનકારશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજએ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. ખેડૂત શિબિરનું સંચાલન શ્રી એચ. બી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ કરેલ હતું.

ખેડૂત શિબિર શ્રાવણ માસના પ્રથમ પવિત્ર દિવસે યોજેલ હોઈ આ પવિત્ર દિવસે એક વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરેલ હતું અને કેન્દ્ર ખાતે વિસ્તારને અનુરૂપ વિવિધ પ્રકારના વૃક્ષોની રોપણી કરેલ હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓએ રસપૂવર્ક ભાગ લીધો હતો.

| ખેડૂત શિબિર | |
|---|---|
|  |  |
| વૃક્ષારોપણ કાર્યક્રમ | |
|  |  |



